# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 20-11-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## BSF સ્થાપના દિન – અમિત શાહ ભુજ

**સીમા સુરક્ષા દળ (BSF) ના ૬૧મા સ્થાપના દિવસની ઉજવણી આવતીકાલે ભુજમાં 176 બટાલિયન BSF કેમ્પ ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં કરવામાં આવશે.**

**આ પ્રસંગે BSF જવાનો એકતાલથી ભવ્ય પરેડ કરશે. પરેડમાં તાલીમબદ્ધ ઊંટ, ઘોડા અને શ્વાન પણ સામેલ કરાશે. પરેડ ઉપરાંત, જવાનો દ્વારા શૌર્ય અને સાહસના પ્રદર્શનો પણ કરવામાં આવશે.**

**આ દરમિયાન 'ઓપરેશન સિંદૂર'માં ઉપયોગમાં લેવાયેલા તોપખાના અને હથિયારોની ઝાંખી રજૂ કરવામાં આવશે. આ સાથે ડ્રોન શક્તિનું પણ વિવિધ રીતે પ્રદર્શન યોજાશે, જેમાં એન્ટી-ડ્રોન સિસ્ટમ વેનમાં સવાર ઓપરેટર દ્વારા દુશ્મન દેશના ડ્રોનને નિષ્ક્રિય કરવાની પ્રક્રિયાનું જીવંત નિદર્શન કરવામાં આવશે. મહિલા બાઇક વિંગ દ્વારા સાહસિક કરતબો અને તાલીમબદ્ધ શ્વાન દ્વારા રોમાંચક પ્રદર્શનો પણ રજૂ કરાશે.**

**અસાધારણ વીરતા અને વિશિષ્ઠ યોગદાન બદલ વીરતા ચંદ્રક સહિતના ચંદ્રકો અને ટ્રોફીઓ આ પ્રસંગે ગૃહ મંત્રીના હસ્તે એનાયત કરવામાં આવશે. કચ્છી સંસ્કૃતિને ઉજાગર કરતા કચ્છી લોકનૃત્ય સહિતની સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ પણ રજુ કરાશે.**

**દરમ્યાન, સીમા સુરક્ષા દળના ૬૧મા સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રીય એકતાની જ્યોત પ્રજ્વલિત કરવાના ઉદ્દેશ્યથી BSF દ્વારા જમ્મુ થી ભુજ સુધી ૧૨-દિવસીય મોટરસાયકલ રેલી યોજાઈ હતી. જેનું સમાપન થયું છે. “સરહદોની સુરક્ષા – સંબધોને મજબૂત બનાવવા” ના સૂત્ર સાથે યોજાયેલી આ રેલી જમ્મુથી નવમી નવેમ્બરે રવાના થઇ હતી. ૧,૬૪૮**

કિલોમીટર લાંબી આ રેલીમાં ગુજરાતના ૧૨ સહીત 60 જેટલા મોટર સાયકલ રાઇડર્સ જોડાયા હતા.

---

## એકતા યાત્રા – અંજાર

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે સમગ્ર રાજ્યમાં  યોજાઈ રહેલી એકતા પદયાત્રા અંતર્ગત આજે અંજાર વિધાનસભા વિસ્તારની પદયાત્રા યોજાઈ હતી. જેને  નાની નાગલપરથી રાજ્યમંત્રી ત્રિકમ છાંગા અને સાંસદ વિનોદ ચાવડા સહિતના અગ્રણીઓએ ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે શ્રી છાંગાએ લોકોને આત્મનિર્ભર ભારત માટે સ્વેદેશી અપનાવવા અનુરોધ કર્યો હતો.

નાની નાગલપરથી શરૂ થયેલી પદયાત્રા યોગેશ્વર ચોકડી, સવાસર નાકા,  ગંગાનાકા પાંજરાપોળ,  દેવળીયા નાકા થઇ અંજાર ટાઉનહોલ ખાતે સરદાર વલ્લભાઇ પટેલની પ્રતીમા ખાતે સંપન્ન થઈ હતી. ટાઉનહોલ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો.

યાત્રાના પ્રારંભે સ્વદેશી વસ્તુઓના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે શપથ લેવામાં આવ્યા હતા.

---

## PM – કિસાન સન્માન નિધિ યોજના – કચ્છ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે PM કિસાન સન્માન નિધિ યોજના હેઠળ 21મો હપ્તો જારી કર્યો હતો. જેમાં કચ્છના 1 લાખ 14 હજાર જેટલા ખેડૂતોના ખાતામાં પણ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. કચ્છમાં પીએમ કિસાન પોર્ટલ પર 1,59,641 ખેડૂતોની નોંધણી થયેલી છે.

પીએમ કિસાન સન્માન નિધિ યોજનામાં ઈ-કેવાયસી, આધાર સિડિંગ અને લેન્ડ સિડિંગમાંથી કોઈ પણ એક પ્રક્રિયા બાકી હોય તો તે ખેડૂતો હપ્તો મેળવવા પાત્ર રહેતા નથી. જીલ્લાના 45 હજારથી વધુ ખેડૂતોએ હજુ સુધી આ પ્રક્રિયા કરાવી ન હોવાની વિગતો મળી છે.

હજુ પણ ગ્રામ સેવક કે સીએસસી સેન્ટર ખાતે ઈ-કેવાયસી અને આધાર સિડિંગની કામગીરી ચાલી રહી હોવાથી ખેડૂતોને તે સત્વરે કરાવી લેવા જણાવવામાં આવ્યું છે.

-----------------------------------------------------------------------------------

## પ્રાકૃતિક શિક્ષણ શિબિર

વન વિભાગ દ્વારા ડીસેમ્બર અને જાન્યુઆરી દરમિયાન કાળા ડુંગર ખાતે બે દિવસીય પ્રાકૃતિક શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવશે. જેમાં ધોરણ ૮ થી કૉલેજ સુધી અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ વહેલા તે પહેલાના ધોરણે નોંધણી કરાવી ભાગ લઈ શકશે તેમ પરિક્ષેત્ર વન અધિકારી ભુજ ઉત્તર રેન્જની અખબાર યાદીમાં જણાવવામાં આવ્યું છે.

-----------------------------------------------------------------------------------

## આરટીઓ

RTO ભુજ ખાતેના ઓટોમેટેડ ડ્રાઇવિંગ ટેસ્ટ ટ્રેક પર ઇલેકટ્રીક મેઇન્ટેનન્સ અને કેમેરાના પોલ ઇન્સ્ટોલેશનની કામગીરી કરવાની હોવાથી આવતીકાલથી 26 નવેમ્બર સુધી ડ્રાઇવિંગ ટેસ્ટ લેવાની કામગીરી બંધ રહેશે. જ્યારે 27 મીથી રાબેતા મુજબ ટેસ્ટ લેવાની કામગીરી ચાલુ કરવામાં આવશે. તેમ પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારી ભુજની અખબારી યાદીમાં જણાવામાં આવ્યું હતું.

-----------------------------------------------------------------------------------

## GIL ભરતી

ભુજ  ગુજરાત ઈન્ફોર્મેટિક્સ લિમિટેડ – G.I.L.માં 23 જગ્યાઓની ભરતી માટે આગામી પહેલી ડિસેમ્બર સુધી અરજી કરી શકાશે. ઉમેદવારો પાસેથી માત્ર ઑનલાઈન અરજી સ્વીકારવામાં આવશે. આ અંગેની વિસ્તૃત વિગત gil.gujarat.gov.in/Careers વેબસાઈટ પર ઉપલબ્ધ હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

-----------------------------------------------------------------------------------

## હવામાન

જીલ્લામાં શિયાળો ધીમે ધીમે પકડ જમાવી રહ્યો છે. નલિયા સતત પાંચમા દિવસે રાજ્યનું સૌથી ઠંડું મથક બન્યું છે, જ્યાં આજે લઘુતમ તાપમાન 10.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે.

જિલ્લામાં ખાસ કરીને મોડી સાંજથી વહેલી સવાર સુધી ઠંડીનો ચમકારો વધુ અનુભવાઈ રહ્યો છે, જેના પગલે લોકોને ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડી રહી છે.

જિલ્લા મથક ભુજમાં લઘુતમ તાપમાન સામાન્ય ઘટાડા સાથે 14.5 ડિગ્રી સેલ્સિયસ પર પહોંચ્યું છે. શહેરીજનો સાંજ ઢળતાં જ ઠંડીનો વિશેષ અનુભવ કરી રહ્યા છે. અંજાર અને ગાંધીધામમાં પણ લઘુતમ તાપમાન 12 ડિગ્રી સેલ્સિયસ આસપાસ નોંધાઈ રહ્યું છે. સમગ્ર જિલ્લામાં હાલ ક્યાંક ઠંડી તો કોઈ સ્થળે બપોરના સમયે તીવ્ર તાપનો અનુભવ થઈ રહ્યો છે. વાતાવરણમાં વિષમતા વચ્ચે દિવસ દરમિયાન ગરમીનો અનુભવ થતાં લોકો પંખા અને એસીનો ઉપયોગ કરી રહ્યા છે.

હવામાન વિભાગે આગામી સાત દિવસમાં લઘુતમ તાપમાનમાં એકથી બે ડિગ્રીનો વધારો થવાની આગાહી કરી છે, જેના કારણે ઠંડીમાં આંશિક રાહત મળી શકે છે.

---